ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

તંત્રી : રમેશ ભોરણિયા

તા. ૧૩-૦૫-૨૦૨૨ • શુક્રવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com



'કૃષિ પ્રભાત'

જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો

કપીલ ખાદીકર

75671 33377







## મોબાઈલને મિત્ર બનાવો - ઘર બેઠા પશુપાલનની માહિતી મેળવો

શિતલ : જોને બેન આ મારી ભેંસ દૂધ ઓછું આપે છે શું કરવું ?
મિત્તલ : જુવો બેન તમારે તેના આહાર ઉપર ધ્યાન આપવાની જરૂર છે.
શિતલ : પણ પશુના આહારની સાચી માહિતી ક્યાંયથી મળતી નથી કોણ શિખવાડશે જણાવો ને.
મિત્તલ : લો એ તો સાવ સહેલું છે.
શિતલ : એ કેવી રીતે?
મિત્તલ : અત્યારના જમાનામાં તમે સ્માર્ટ ફોન તો વાપરતા જ હશો?
શિતલ : હા વાપરું જ છું ને, તો?
મિત્તલ : તો પછી ઉઠાવો ફોન અને ડાઉનલોડ કરો એગ્રીમિડીયા ટીવી મોબાઈલ એપ.
શિતલ : એગ્રીમિડીયા ટીવી? એમા શું છે?
મિત્તલ : એગ્રીમિડીયા ટીવી એપમાં પશુપાલનના વિડીયો જોઈ તમે બધી માહિતી મેળવી શકશો. અને એ પણ આપણી પોતાની ભાષામાં.
શિતલ : ઓહ શું વાત છે! વિડીયોમાં મળી જશે બધું?
મિત્તલ : હા હા બધી જ માહિતી મળશે, પણ જો વધારે માહિતી જોઈતી હોય તો એગ્રીમિડીયા ટીવી એપમાં તમારો પ્રશ્ન પૂછી લેવાનો અને તમારી સમસ્યાનું સમાધાન તૂરંતજ મળી જશે.
શિતલ : અરે વાહ તો તો હું અત્યારે જ ડાઉનલોડ કરી લઉં એગ્રીમિડીયા ટીવી એપ.
મિત્તલ : લો આ બેને તો એગ્રીમિડીયા ટીવી એપ ડાઉનલોડ કરી લીધી, હવે તમે પણ કરી લો.
એપ ડાઉનલોડ કરવા માટે અહી ક્લિક કરો અથવા પ્લેસ્ટોરમાં જઈ Agrimedia TV ડાઉનલોડ

## ખેડૂત પ્રભાત



### રવી ડુંગળી સહાયમાં રૂ.૧૦૦ કરોડની મંજૂરી...

જુઓ પાના નંબર ૦૭






## ખેડૂત બોલે ખેતરેથી...



### હાથમાં પાણી હોવા છતાં ઉનાળે ઉંચા તાપમાનને લીધે પાક બળી જવાથી વાવેતર નથી કરતાં...

• શિયાળું સિઝનમાં કપાસ અને અજમો ઉભો હતો, એટલે કોઇ શિયાળું પાક વાવેતર કરવાનો અવકાશ રહેતો નથી.

જુઓ પાના નંબર ૧૦

ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

તંત્રી : રમેશ ભોરણિયા

તા. ૧૩-૦૫-૨૦૨૨ • શુક્રવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com

'કૃષિ પ્રભાત'
જાહેર ખબર આપવા
માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377



ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

તંત્રી : રમેશ ભોરણિયા

તા. ૧૩-૦૫-૨૦૨૨ • શુક્રવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com

'કૃષિ પ્રભાત'
જાહેર ખબર આપવા
માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377



ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

તંત્રી : રમેશ ભોરણિયા

તા. ૧૩-૦૫-૨૦૨૨ • શુક્રવાર • પાના ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com

'કૃષિ પ્રભાત'
જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377

## તલ: ખેતરોમાં વાઢવા, ઉભડીઓ અને ખેરવા...



ઉનાળું તલ આ વર્ષે ગુજરાતમાં કૃષિ વિભાગના છેલ્લા આંકડા મુજબ ૧.૦૭ લાખ હેકટરમાં વવાયા છે. અહીં પ્રગટ તસવીર મોકલતા જૂનાગઢના વિસાવદર તાલુકાના મિંયાવડલા ગામેથી ભરતભાઇ સાવલિયા (મો.૯૪૨૬૧ ૬૯૯૭૦) કહે છે કે ઉનાળું તલ કાપણીનો પીંક પિરીયડ ચાલે છે. ખેતરોમાં તલી વઢાય છે, ઉભડિયો થઇ રહી છે અને તલની ઉભડિયો ખેરવાનું પણ કામ ચાલું છે. અત્યારે ક્યાંક પાછોતરા તલ ઉભા પણ છે. આ વખતે તલ માટે હવામાન જરા પણ અનુકૂળ રહ્યું નથી. તલ ઉગવા સમયે ૧ મહિનો સારી હવા નહોતી, તો છેલ્લે પાકવા સમયે વહેલું તાપમાન ટપકી પડ્યું, એટલે પાક દશેક દિવસ વહેલો પાકી છૂટ્યો છે. ઉનાળું તલમાં આ વખતે સરેરાશ ૧૦ મણ ઉતારો મળવાના એંધાણ દેખાઇ રહ્યોં છે.

# ઉનાળું મગફળીમાં પણ પ્રતિકૂળ હવામાનથી ઉતારા ઘટશે

● ઉનાળું નવી મગફળી: વ્યારા અને ભાવનગર પંથકમાં ઉનાળું મગફળીની આવકો શરૂ, રાજકોટ યાર્ડમાં હજુ ૧૫ દિવસની વાર...

**રમેશ ભોરણિયા તા.૧૨**

ઉનાળું મગફળીનો પોંણે પલ્લે પહોંચેલ પાકમાં ખેડૂતો ખેતર જોઇ રાજી થતાં હતા, એવું સુખદ ચિત્ર છોડવો ઉપાડ્યા પછી જોવા મળતું નથી. ખેડૂતો કહે છે કે ગત ઉનાળું મગફળી પાકમાં સવા (સારૂ હવામાન) હતું, એની તુલનાએ આ સિઝનમાં અનુકૂળ હવામાન ન રહેવાથી ઉનાળું મગફળીના ઉતારામાં ૨૦ ટકા જેવો કાપ મુકાશે, એવા એંધાણ સ્પષ્ટ થઇ રહ્યાં છે.

સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતના વ્યારા અને પછી ભાવનગર પંથકમાંથી ઉનાળું મગફળીની સૌ પ્રથમ આવક શરૂ થયાની વાત કરતાં રાજકોટ યાર્ડ ટ્રેડર્સ મિત્ર કહે છે કે રાજકોટ યાર્ડમાં હજુ ૧૫ દિવસ પછી નવી મગફળીની આવકો થશે. હાલ જુની મગફળીમાં નીચામાં રૂ.૧૧૫૦ અને ઉંચામાં રૂ.૧૩૨૦ સુધીના ભાવ થાય છે. છેલ્લા ત્રણેક દિવસથી ૫ હજાર થી ૬ હજાર ગુણીની આવક સામે દરરોજ વેપારો થઇ જાય છે.

રાજ્યના કૃષિ વિભાગના આંકડા મુજબ ગત વર્ષની તુલનાએ ૩ ટકા વાવેતર વધ્યું છે. ચાલું વર્ષે અંતિમ તબક્કે ઉનાળું મગફળી વાવેતરનો આંકડો ૬૦૮૨૦ હેકટરે પહોંચ્યો છે. ફિલ્ડની સ્થિતિ જોયા પછી એવું કહી શકાય કે ગત વર્ષ જેટલો ઉનાળું મગફળીનો પાક થશે નહીં.

જામનગરના જામજોધપુર તાલુકાના વડવાળા ગામના સાજનભાઇ કાંબલિયા (મો.૯૭૧૪૫ ૯૮૨૯૮) કહે છે કે કપાસ કાઢીને ૨૦ વીઘામાં વવાયેલ જી-૨ મગફળીનું ખેતર જોઇ પાક સારો લાગે છે, પરંતુ છોડ ઉપાડીએ તો ડોડવાની બેઠક પાછલા વર્ષની તુલનાએ ઓછી દેખાય છે.

મોરબીના હળવદ તાલુકાના ઘનશ્યામપુરના કલ્પેશભાઇ કણઝારિયા (મો.૮૪૬૯૯ ૮૬૫૮૪) કહે છે કે મારી ૪ વીઘામાં વાવેલ ૨૪ નંબર મગફલીને ૯૫ દિવસ થયા છે. છેલ્લું પિયત આપી દીધું છે. ૧૫ દિવસ પછી ફૂવારાથી પાણી આપીને ખેંચવાની થશે. ગત વર્ષની તુલનાએ ડોડવાની બેઠક જોતા કહી શકાય કે પાક ઉતારો થોડો કપાશે.

હળવદના જ મેરૂપર ગામે ૯ વીઘામાં ૨૪ નંબર મગફળીનું વાવેતર કરનાર રૂપાભાઇ હડિયલ (મો.૬૩૫૩૫ ૪૦૯૮૬) કહે છે કે મગફળીને ૯૨ દિવસ થયા છે. આ વર્ષનું હવામાન કોઇ પાકને અનુકૂળ રહ્યું નથી, તે અસર ઉનાળું મગફળીમાં પણ જોવા મળે છે. ગત વર્ષના ઉનાળું પાકમાં ૨૫ મણિકા ઉતારો હતો, તે ૨૦ મણિકાએ ઉભો રહી જશે.



## ઉનાળું મગફળી પાકમાં ચોક્કસ ઉતારા કપાશે...

**જામનગરના કાલાવડ તાલુકાના રાજડા ગામના ભરતભાઇ ટીંબળિયા (મો.૯૯૧૩૪ ૨૪૪૩૨) કહે છે કે ૯ વીઘામાં ૫૧ નંબર મગફળી વાવ્યાને ત્રણ મહિના થઇ ગયા છે. હજુ પાક ૧૫-૨૦ દિવસ ઉભો રહેશે. ગત વર્ષે ઉનાળું મગફળીમાં સરેરાશ ૨૦ મણ ઉતારો હતો, એની સામે પ્રતિકૂળ હવામાનથી ૧૦ મણનો પાક ખેડૂતોના હાથમાં આવશે. ડોડવાની બેઠક જ નબળી દેખાય છે. અમારા ગામના ઉનાળું વાવેતરમાં પ્રથમ ક્રમે મગફળી છે. તસવીરમાં જોઇ શકાય છે.**

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૮૭૪૮૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો

CLICK

# કૃષિ પ્રભાત તમને બીજા કોઈ મોકલે છે?

## કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં સભ્ય બનીને દરરોજ વહેલી સવારે સીધુ તમારા મોબાઈલમાં આ ડિજીટલ અખબાર મેળવો




**વોટસએપ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો**

CLICK

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦ ૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

આ પેજ ઉપર ક્લીક કર્યાં બાદ તમારા મોબાઈલમાં

## મો. ૭૫૭૩૦૧૨૯૧૦ કૃષિ પ્રભાતનાં

નામે સેવ કરી લો અને દરરોજ કૃષિ પ્રભાત વોટસએપમાં મેળવતા રહો.

**કૃષિ પ્રભાતનાં ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો**

CLICK

## ટેલિગ્રામ ગ્રૂપમાં આપ જૂના કૃષિ પ્રભાત પણ વાંચી શકશો અને તમારા મોબાઈલની મેમરી જગ્યા પણ નહીં રોકે.

(જે હજારો ખેડૂતો પહેલાથી જ અમારી સાથે જોડાયેલા છે તેમને ફરીથી આ લિન્કમાં ક્લીક કરવાની જરૂર નથી.)

# ગુવારનું બલે બલે વાવેતર થયું હતું...

ફિલ્ડ ફાઈલ ફોટો



સને ૨૦૧૧-૧૨માં ખેડૂતોને ગમ ગુવારના રૂ.૪૫૦૦ની ટોચે પહોંચેલ ભાવ મળ્યા હતા. ત્યાર પછી ખેડૂતોમાં ચોમાસું અને ઉનાળું સિઝનમાં ગુવાર વાવેતરનો ક્રેઝ ઉભો થયો હતો. ૨૦૧૨માં વાયદા ખોલ-બંધ થવાના સરકારી પગલાથી ગુવારના ભાવ ઘટવા તરફ હતા. અહીં પ્રગટ તસવીર ૨૦૧૩ના મે મધ્યે રાજકોટના પડધરી તાલુકાના નારણકા ગામના મનસુખભાઇ ભાલોડિયાના ખેતર પર ક્લિક થયેલ છે. ક્યારેય ગુવાર ન વાવ્યો હોય એવા ખેડૂતોએ પણ ગુવારમાં હાથ નાખ્યો હતો. અગાઉના વર્ષોમાં સાનુકૂળ હવામાનથી ૧૬ ગુંઠાના વીઘે ગુવારના ૧૬ મણ ઉતારા સહેજે મળ્યા હતા. હાલ ઉનાળું સિઝનમાં ગુવાર ઉછળી ૭૯૦૦ હેક્ટરને વાવેતર ટચ થયું છે. આ વખતે પાણીની અછત અને પ્રતિકૂળ હવામાનને લીધે ઉતારામાં જબ્બર કાપ મુકાયાના આંકડા બહાર આવી રહ્યાં છે.

**તસવીરઃ રમેશ ભોરણિયા**

# રવી ડુંગળી સહાયમાં રૂ.૧૦૦ કરોડની મંજૂરી...

- પાછલા વર્ષોમાં સરકારે ખેડૂતોને સહાય આપી છે, એ સહાયના આંકડા સરકાર ચોક્કસ મોટા માનતી હશે, પણ બહુ જૂજ ખેડૂતોને સાવ સામાન્ય રકમો મળી હોવાનું સાંભળ્યું છે.

ડુંગળી ચકડોળે ચડે, ત્યારે ડુંગળી પેદા કરનાર ખેડૂતને, ખાનાર વર્ગને અને સરકારને પણ ઝપટે લેતી હોય છે. ડુંગળીના ભાવ તળિયાથી નીચે જાય, ત્યારે ખેડૂતો હોબાળો મચાવતા હોય છે, એ હોબાળો શાંત કરવા વખતો વખત સરકાર સહાય જાહેર કરતી હોય છે. એમાં કોને કેટલી સહાય મળી, એ તો ખેડૂત જ જાણતો હોય છે. રાજ્ય સરકાર પાછલા વર્ષો દરમિયાન સહાય આપવામાં ઉણી ન ઉતરી હોવાની વિગત આપતા મહુવા યાર્ડના ચેરમેન ઘનશ્યામભાઇ પટેલ કહે છે કે ૨૦૧૭માં કૃષિમંત્રી તરીકે ચિમનભાઇ સાપરિયા હતા, એ વખતે રૂ.૬૦ કરોડની રકમ અને ૨૦૧૯માં આર. સી. ફળદુ કૃષિમંત્રી હતા, એ વખતે રૂ.૨૦ કરોડની સહાય ડુંગળી ઉગાડતા ખેડૂતોને આપવામાં આવી હતી. માની લઈએ કે પાછલા વર્ષોમાં સરકારે ખેડૂતોને સહાય આપી છે, એ સહાયના આંકડા સરકાર ચોક્કસ મોટા માનતી હશે, પણ બહુ જૂજ ખેડૂતોને સાવ સામાન્ય રકમો મળી હોવાનું સાંભળ્યું છે. થોડા દિવસ પહેલા જામનગર પંથકના કોઇ ખેડૂતે કહ્યું હતું કે નાનો જથ્થો વેચાણ કરેલ ગામના થોડા ખેડૂતોને સહાય મળી હતી. મુખ્ય મુદ્દો ત્યાં છે કે સહાય મેળવવાની દોડધામ વધું છે, તે અઘરી છે. ડુંગળીમાં એક વખત ખેડૂત પીટાય છે, તો બીજી વખત ખાનાર વર્ગ પીટાય છે. પ્રતિકિલો રૂ.૧૦ની ડુંગળીના રૂ.૧૦૦ થતાં, સૌએ જોયા છે. કૃષિ તજજ્ઞો, બજારના અભ્યાસુ અને માર્કેટીંગ યાર્ડો સાથે મળીને સરકારે, આનો યોગ્ય ઉકેલ લાવવો જોઇએ. કદાચ ટેકાના ભાવ જેવું કંઇક નક્કી કરવું જોઇએ. બજાર એનાથી બહું નીચી કે બહું ઉપર ન જવી જોઇએ.



# મેગાસીડ દ્વારા બીજ વિતરણની આખરી તૈયારીઓ...



રમેશ ભોરણીયા
મો. ૯૯૨૫૪ ૫૪૯૯૫

● મગફળી અને સોયબીન બીજ મેળવવા ઓન-લાઇન અરજીઓ કરી છે, પણ હજુ સુધી કોઇ ખેડૂતોને મોબાઇલ દ્વારા બીજ લઇ જવાનો મેસેજ ન મળ્યાની ફરિયાદો ઉઠી છે

જામનગરના કાલાવડ તાલુકાના રાજડા ગામના ભરતભાઈ ટીંબળિયા (મો.૯૯૧૩૪ ૨૪૪૩૨) અને જૂનાગઢ વિસાવદર પંથકના જુની ચાવંડ ગામના ગીરીશભાઈ ભુવા (મો.૯૯૭૯૪ ૩૮૭૨૯) જેવા જુદા જુદા વિસ્તારના ખેડૂતોએ મેગાસીડ્સ જૂનાગઢ ખાતેથી મગફળી અને સોયબીન બીજ મેળવવા ઓન-લાઈન અરજીઓ કરી છે, પણ હજુ સુધી કોઈ ખેડૂતોને મોબાઈલ દ્વારા બીજ લઈ જવાનો મેસેજ ન મળ્યાની ફરિયાદો ઉઠી છે. મે મહિનો અડધા પલ્લે પહોંચવા આવ્યો છે, ત્યારે જે ખેડૂત પાસે કોરવાણના પાણી છે, તેઓ મગફળી વાવેતર માટે અધિરા બન્યા છે. આમેય મગફળીના ડોડવા હાથમાં આવ્યા પછી, ત્રણ-ચાર દિવસે બીજ તૈયાર થતું હોય છે. બીજ વેચાણનો આખો કાર્યક્રમ, ત્યાં અટવાયો છે કે હજુ સુધી આ બીજના ભાવ અને એમાં અપાતી સબસીડી નક્કી થઈ નથી. છેલ્લા વર્ષો દરમિયાન મેગાસીડ્સ, બીજ નિગમ કે ગુજકોમાસોલ જેવી સંસ્થાઓમાં કાયમ સિઝન પૂર્વે બીજના ભાવ અને સબસિડી નક્કી કરવાનો ડખ્ખો ઉભો જ હોય છે. આ બાબત સરકાર લેવલેથી શક્ય એટલી વહેલી પ્રોસિઝર થાય તો ખેડૂતોને આ પ્રકારના બીજની કાગ ડોળે રાહ ન જોવી પડે. મેગાસીડ્સ કચેરી જૂનાગઢનો સંપર્ક કરતાં જાણવા મળ્યું છે કે લગભગ ૧૨ હજાર જેટલી ખેડૂતોની ઓન-લાઈન અરજીઓ આવી છે. આ અરજીઓ કોમ્પ્યુટર દ્વારા રેન્ડોમાઈજેશન (ડ્રો) કર્યા પછી ક્રમશઃ ખેડૂતોને બોલાવવામાં આવતા હોય છે. બસ, બે-ચાર દિવસમાં ભાવ અને સબસીડીની સરકારી પ્રોસિઝર પુરી થઈ જશે. ખેડૂતોનો ક્રમ આવે એમણે ખાસ અહીં જણાવેલ કાગજાત ભુલ્યા વગર લાવવાના રહેશે. ૧. ઓન-લાઈન અરજી કરેલ નકલની પ્રીન્ટ, ૨. અરજી કરેલ ખેડૂતનો ઓરિજનલ ૮-અ, ૩. આધારકાર્ડની ઝેરોક્ષ, ૪.બેંક પાસ બુકની પ્રથમ પેઈઝની ઝેરોક્ષ (પાસ બુક સાથે રાખવી) અથવા કેન્સલ કરેલ ચેક અને ૫. રોકડા રૂપિયા લાવવાના રહેશે.




# સૌરાષ્ટ્રમાં તલ-મગફળી ઉગાડતા ખેડૂતોને આમંત્રણ...




● તલ-મગફળીના ટોચના નિકાસકારો હાજર રહેવાના હોઇ ખેડૂતોને ઉપયોગી માહિતી મળશે, ખેડૂતોએ વહેલી તક રજીસ્ટ્રેશન કરાવી લેવું

સૌરાષ્ટ્રના સેન્ટર કહેવાય એવા રાજકોટ ખાતે આગામી ૧૯, મે ગુરૂવારના રોજ ઈન્ડિયન ઓઈલ સીડ્સ એન્ડ પ્રોડ્યુસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (IOPEPC) કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય, ભારત સરકાર માન્ય સંસ્થાના ઉપક્રમે ભારતીય તૈલીબિંયા સંશોધન કેન્દ્રના સહયોગથી મગફળી અને તલના પ્રગતિશીલ ખેડૂતોનો મેળાવડો ગોઠવ્યો છે. તેમાં તલ અને મગફળી પાક અંગેની વિસ્તુત ચર્ચાઓ થશે. આ બંને જણસીની ઓર્ગેનિક ખેતીમાં સારી ઉપજ કેમ લેવી ? નિકાસ લક્ષી તલ કે મગફળીનો પાક કઈ રીતે તૈયાર કરવો ? એની સારી બજાર કઈ રીતે મેળવી શકાય ? સરકાર તરફથી ઓર્ગેનિક ખેતીમાં કઈ રીતે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ? વિગેરે મુદ્દાઓની છણાવટ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મગફળી અને તલની નિકાસ કરનારા ટોચના નિકાસકારો પણ હાજર રહેવાના હોઈ વિદેશી બજારમાં ભારતીય મગફળી અને તલની નિકાસ અંગેની સંભાવનાઓ ઉપર પણ પ્રકાશ પાડવામાં આવશે જે ખેડૂતોને બહુ જ ઉપયોગી સાબિત થશે. એ ઉપરાંત ખેડૂતોના આ અંગેના પ્રતિભાવો પણ જાણવામાં આવશે. આપ આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂત તરીકે સહભાગી થવા માંગતા હો તો નીચેના કોઈપણ એક નંબર પર ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ૧. કેતનભાઈ, મો.૯૫૧૨૨ ૩૦૦૮૭ ૨. રવીભાઈ, મો.૯૮૨૪૨ ૦૦૬૫૦. તા.૧૯, મે ૨૦૨૨, ગુરૂવાર. સમયઃ સવારે ૯.૩૦ વાગ્યા થી બપોરના ૧૧.૩૦ કલાક સુધી. સ્થળઃ હોટલ અતિથિ દેવો ભવ, માધાપર ચોકડી પાસે, મોરબી રોડ, રાજકોટ. (ખાસઃ કાર્યક્રમ પુરો થયા બાદ ભોજન વ્યવસ્થા હોટલ પર જ કરવામાં આવી છે.)

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો CLICK



# ખુબ ખુબ અભિનંદન

અમારા પરમ સ્નેહી મિત્રશ્રી રમેશભાઇની તંત્રી તરીકે નિમણુંક થતા અમો ખુબ આનંદની લાગણી અનુભવીએ છીએ.

ખેડૂનોના પ્રાણ પ્રશ્નોને કૃષિ પ્રભાતના માધ્યમથી વાચા આપનાર, ખેતી ક્ષેત્રે નૂતન સંશોધન - સંવર્ધન બીજ પસંદગી વગેરેની ખુબ ઉંડાણ પૂર્વકની માહિતી ધરાવનાર ખેડૂતપુત્ર શ્રી રમેશભાઇને ખુબ ખુબ અભિનંદન.

રમેશભાઇ પોતે ખેડૂત છે અને ગામડાના ખેડૂતોના સીધા જ સંપર્કમાં છે ખેતી વિશેની દરેક જાતની માહિતીથી વાકેફ છે, જે તેના તંત્રી થવાથી તેનો સીધો જ ફાયદો ખેડૂતોને માહિતી સ્વરૂપે મળશે. ખુબ ખુબ આગળ વધો એવી અંતઃકરણની શુભેચ્છા.

**કૃષિપ્રભાતના નવનિયુક્ત તંત્રીશ્રી રમેશભાઇને**
ધર્મનંદન એગ્રીસીડ્સ જૂનાગઢ
(ચેતનભાઇ પાનેલીયા)ના
ખુબખુબ અભિનંદન.

**ચેતનભાઇ પાનેલિયા**
ધર્મનંદન એગ્રીસીડ્સ, જૂનાગઢ
મો. ૯૮૭૯૩ ૬૭૪૪૪




**કમ્પ્યૂટરમાં પ્રગટ્યા ક-ખ-ગ,**
**આવી પહોંચ્યા, ધસમસતા વિસ્મયના પૂર.**
**કંઈ અજાયબ ખેલ રચાતો, સ્ક્રીન પર ઝળહળતો...**

રમેશ ભોરણીયા માત્ર ખેડૂતપુત્ર નથી પરંતુ પોતે જ જાતે ખેતી કરતા જન્મજાત ખેડૂત છે. રાજકોટના સીમાડે આવેલા જુના નારણકા ગામમાં ૧૦૦% કેનાલના પિયતથી પ્રગતિશીલ અને સાથે સાથે સજીવ ખેતી સાથે જોડાયેલા છે. વિજ્ઞાન પ્રવાહમાં બાર ધોરણ સુધી અભ્યાસ કરીને અન્ય કોઈ નોકરી કે ધંધો કરવાને બદલે કૃષિવ્યવસાયમાં ઝંપલાવ્યું છે.

પાંત્રીસ વર્ષો કરતા વધુ સમયથી ખેતી કરતા રમેશભાઈ બહુવિધ વ્યક્તિત્વ ધરાવે છે. ચોવીસ કલાક ખેડૂતની ભૂમિકા અદા કરતા હોવા છતાં મૂળ તો એ કલા અને સાહિત્ય સાથે જોડાયેલો જીવ છે. અભ્યાસકાળ દરમ્યાન જ ચિત્રો અને રેતી ચિત્રો તૈયાર કરવાની કળા તેમને કુદરતે ભેટ આપેલી છે. આ ચિત્રોને યુવક મહોત્સવમાં લાવતા ત્યારે હું પણ સાહિત્યની સ્પર્ધાઓમાં ભાગ લેતો. આથી અમે ૧૯૮૦ થી સંપર્કમાં આવ્યા અને મિત્રો બની ગયા. કારણ કે કૃષિ અને કલા બંને અમારા સહિયારા ક્ષેત્રો હતાં. ત્યાર બાદ રમેશ ભોરણીયાએ સાહિત્યમાં પણ રસ હોવાથી પોતાની જ્ઞાતિનું સામયિક "ઉમિયાપરિવાર" માં સેવા આપવાનું શરૂ કર્યું. મેગેઝિન ક્ષેત્રે પોતાનું ઓજસ ઝળકવાથી સંસ્થાએ તેમને "ઉમિયાપરિવાર"ના સહસંપાદક તરીકેની જવાબદારી સોંપી. આ જવાબદારી પણ તેમણે વર્ષો સુધી સારી રીતે નિભાવી.

પત્રકારત્વના આ અનુભવો પણ મારાં મનમાં નોંધાયેલા હતાં. એ દરમ્યાન "કોમોડિટી વર્લ્ડ"ના તંત્રીશ્રી મયૂરભાઈ મહેતાએ કોઈ સક્ષમ એગ્રીકલ્ચર રિપોર્ટરની શોધમાં હતાં. આ દૈનિકમાં હું લખતો હોવાથી એ શોધવાનું કામ મને સોંપ્યું હતું. મારા મનમાં ઝબકારો થયો અને રમેશ ભોરણીયા ને મળ્યો. "તમે ખેડૂત અને વળી સામયિકના સહસંપાદક છો એટલે કૃષિનું પત્રકારત્વ સારી રીતે ખેડી શકશો." આમ રમેશ ભોરણીયાને સીધાં જ મયૂરભાઈ સામે ઊભા રાખી દીધાં અને કહ્યું: "તમે જેવા ફિલ્ડ રિપોર્ટર ઈચ્છો છો તે આ ખેડૂત-પત્રકાર છે."

એ વર્ષ હતું ૨૦૦૩નું. રમેશભાઇએ કોમોડિટી વર્લ્ડની સાપ્તાહિક પૂર્તિમાં રિપોર્ટીંગ, લેખ, અહેવાલ, ફોટો સ્ટોરી વગેરે શરૂ કર્યું. ખેડૂત અને વળી શબ્દો સાથે કાયમી પનારો એટલે ગાડી સડસડાટ દોડવા માંડી. શરૂઆતમાં એગ્રીકલ્ચરની ટેકનિકલ બાબતો, કૃષિ વૈજ્ઞાનિકો કે કૃષિ અધિકારીઓના સંપર્ક બાબતે મને પૂછતા અને હું પણ પ્રોત્સાહિત કરતો રહેતો. આજે પણ સતત શુભેચ્છાઓ આપતો રહું છું. અમારી મિત્રતા અને આ કૃષિ, સાહિત્ય, પત્રકારત્વ, કળા સાથેનું જોડાણ ચાલીસ વર્ષો કરતાં વધુ છે. રમેશ ભોરણીયા જાણે એક પારિવારીક સભ્ય છે. ઓગણીસ વર્ષથી એક જ પત્ર સાથે જોડાયેલા રહેવું એ પત્રકાર અને દૈનિકના સંચાલક બંને માટે કપરું કામ છે. બંને પક્ષે આ હકારાત્મકતાથી જ રમેશભાઈની કદર થઇ હોય એમ લાગે છે.

*કોમોડિટી વર્લ્ડના "કૃષિપ્રભાત" દૈનિકના તંત્રી તરીકેની નિમણુકને હું વધાવું છું અને મયૂરભાઇ તેમજ રમેશભાઈને અભિનંદન આપું છું.*



- હર્ષદ દવે (કૃષિ પત્રકાર, રાજકોટ)

# ખેડૂત બોલે ખેતરેથી...

## ત્રણ પ્રકારના હોંબેશ પાણી હોવા છતાં પુરી જમીનમાં ટપક સિંચાઇનું નેટવર્ક બીછાવેલ છે...

### છેલ્લા બે વર્ષથી થાઇલેન્ડની ટુલ્ડા વેરાઇટીના બાંબુ વાંસ પર નજર કેન્દ્રીત કરી છે

**ખેડૂતઃ અરવિંદભાઇ ડાયાભાઇ ડેડાણિયા, મો.૯૪૩૭૦ ૫૦૨૦૭, ગામઃ ઉપલેટા, જિ. રાજકોટ.**



૭૦ વર્ષની ઉંમરે નિવૃતિમાં ખેતીમાં નવા નવા પ્રયોગો અને પાણી બચાવીને આનંદ લેતા અરવિંદભાઇ કહે છે કે મારી પાસે ૬૦ વીઘા જમીન છે. પાણીના સ્ત્રોતમાં ત્રણ મિત્રો વચ્ચે સહિયારો મોટો ચેકડેમ છે. એ સિવાય મોજ ડેમની કેનાલ દ્વારા પાણી મળે છે. એ ઉપરાંત ૧૨૦ ફૂટ ઉંડા કૂવામાં બારમાસી પાણી છે. ૬૦ વીઘા ખેતરના સેઢે લીલીછમ્મ બોર્ડર તરીકે વનરાજી ઉભી છે. પહેલા ઓરિસામાં ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલ હતો. છેલ્લા ૫ વર્ષથી વતનમાં આવીને ખેતીમાં કંઈક નવા પ્રયોગો આદરીને સમય પસાર કરૂ છું. પહેલા ટપક, મલ્ચીંગ, ટેલીફોન અને માંડવા પધ્ધતિ દ્વારા શાકભાજી પાકોની ખેતી આદરી હતી. છેલ્લા બે વર્ષથી થાઈલેન્ડની ટુલ્ડા વેરાઈટીના બાંબુ વાંસ પર નજર કેન્દ્રીત કરી છે. ગત વર્ષે ૩૦ વીઘામાં આ વેરાઈટીના વાંસ સાથે કપાસનો પાક વાવ્યો હતો. ૩૦ વીઘામાં કપાસ હતો. ત્રણ પ્રકારના હોંબેશ પાણી હોવા છતાં પુરી જમીનમાં ટપક સિંચાઈનું નેટવર્ક બીછાવેલ છે. પશુપાલનમાં મારી પાસે દેશી વંશની ૪ ગાયો છે.

## હાથમાં પાણી હોવા છતાં ઉનાળે ઉંચા તાપમાનને લીધે પાક બળી જવાથી વાવેતર નથી કરતાં...

### શિયાળું સિઝનમાં કપાસ અને અજમો ઉભો હતો, એટલે કોઇ શિયાળું પાક વાવેતર કરવાનો અવકાશ રહેતો નથી.

**ખેડૂતઃ ભરતભાઇ શંભુભાઇ વીરડિયા, મો.૯૮૭૯૩ ૨૮૭૫૨, ગામઃ હરીપર, તા. લીલિયા, જિ. અમરેલી.**

છેલ્લી ટ્રમમાં ૫ વર્ષ સુધી સરપંચ રહી ચૂકેલા ભરતભાઈને નવરા બેઠાં કાયમ કીડીઓ ચડતી હોય છે. તેથી તેઓ સિઝનમાં અજમાનો વેપાર અને ઉનાળે ભાવનગરના જેસર તાલુકાના ચિરોડા ગામે કેરીના બગીચાના ઈજારેદાર બની જાય છે. તેઓ કહે છે કે આંબાનો બગીચાનો ઈજારો છેલ્લા ૪ વર્ષથી રાખું છું. મારી પાસે લીલિયામાં કુલ ૨૨ વીઘા જમીન છે. ૬૦ ફૂટ ઉંડા કૂવામાં ઉનાળે પણ હોંબેશ પાણી હોય છે. ગયા ઉનાળે નંદીશાળા માટે સેવાર્થે ૧૦ વીઘાની જુવાર વાવી હતી. ચોમાસું વાવેતરમાં ૧૨ વીઘાનો કપાસ હતો, કપાસનો વીઘા દીઠ ૧૫ મણ ઉતારો મળ્યો હતો. ૧૦ વીઘા જમીનમાં ખરીફ અજમો વાવ્યો હતો, તેનો વીઘે ૯ મણ ઉતારો મળ્યો હતો. શિયાળું સિઝનમાં કપાસ અને અજમો ઉભો હતો, એટલે કોઇ શિયાળું પાક વાવેતર કરવાનો અવકાશ રહેતો નથી. હાથમાં પાણી હોવા છતાં ઉનાળે ઉંચા તાપમાનને લીધે પાક બળી જવાથી વાવેતર નથી કરતાં. કંઇ પાક બળી જવાની પીડાથી ઉનાળે જમીનને પુરેપુરો વિહામો આપીએ છીએ.



# કમળાના આયુર્વેદિક ઉપચારો

અતિશય પિત્તકર્તા (ગરમ) આહારવિહાર કરવાથી પિત્તદોષ પ્રકુપિત થવાથી ઉત્પન્ન થતો રોગ.. પિત્તદોષ દર્દીનાં આંખ, નખ, મૂત્ર, મળ અને ત્વચામાં ફેલાઈ જઈ તેને પીળા રંગનાં કરી દઈ, દર્દીને પીળા વર્ણના દેખાવવાળો, નિર્બળ અને પાચનતંત્રના દર્દવાળો બનાવે છે. શરીર દેડકા જેવા ફિક્કા પીળા રંગનું દેખાય છે. દેહની ઇંદ્રિયોની શક્તિ નાશ પામે છે. શરીરમાં દાહ, અપચો, નિર્બળતા, ખોરાક પર અરુચિ તથા અંગોમાં પીડા પણ થાય છે.

**આયુર્વેદમાં કમળાના બે પ્રકારો બતાવ્યા છે :**

(૧) કોષ્ઠાશ્રિત અથવા પિત્તદોષજ અને (૨) શાખાશ્રિત અથવા કફદોષજ કે અવરુદ્ધમાર્ગી. કમળાની ગંભીર સ્થિતિમાં દર્દને કુંભકામલા કે લોકભાષામાં કમળી કહે છે. સામાન્ય રીતે કોષ્ઠાશ્રિત પ્રકાર જ કમળા



તરીકે ઓળખાય છે.

કોષ્ઠાશ્રિત કમળાના રોગમાં પિત્તદોષનો પ્રકોપ હોઈ, તેમાં પિત્તદોષશામક સારવાર કરવાનો ખાસ સિદ્ધાંત છે. આ ઉપરાંત આ દર્દમાં દર્દીને મધુર, કડવા-તૂરા રસનાં ઔષધોથી હળવા જુલાબ આપવા અને તેવાં ઔષધો યોજવાનો સિદ્ધાંત છે. વિરેચન (જુલાબ) લેવાથી પિત્તદોષ શરીરની બહાર નીકળી જતાં રોગ મટે છે. આ હળવા જુલાબ માટે ગરમાળાનો ગોળ, આમળાં અને નસોતર અથવા ત્રિફળા ચૂર્ણ કે ગોમૂત્રથી સંસ્કારિત હરડે ચૂર્ણ વપરાય છે. ખાવાનાં ઔષધોમાં (૧) ત્રિફળા, ગળો, લીમડાની અંતરછાલ અને દારુહળદરનો ઉકાળો મધ નાખી પિવાય છે. (૨) ફલત્રિકાદિ ક્વાથ, હરિતક્યાદિ ક્વાથ કે અભયાદિ ક્વાથ પિવાય છે. (૩) અન્ય તૈયાર ઔષધોમાં કામલાહર રસ, પુનર્નવાદિ મંડૂર, આરોગ્યવર્ધિની રસ, નવાયસ લોહ, પંચગવ્યઘૃત, પથ્યાઘૃત, દન્તીઘૃત, મહાતિક્ત ઘૃત, મહાકલ્યાણ ઘૃત વગેરે અપાય છે.

કમળાના દર્દમાં દર્દીને માટે ખારાં, ખાટાં, તીખાં, તળેલાં અને ગુણથી ગરમ ગણાય તેવાં તમામ આહારદ્રવ્યો અને વિહાર વર્જ્ય હોય છે. જૂના ઘઉં, ચોખા, જવ, સાઠી ચોખા, મગ, મસૂર અને તુવેરની દાળ (સાદાં), જાંગલ પશુ-પક્ષીનો માંસરસ, દૂધી, ટીંડોરાં, કાકડી, તાંદળજો, પરવળ, કોળું, શેરડીનો રસ, મીઠાં ફળો વગેરે લેવાં હિતકર હોય છે. પીવા માટેનું પાણી ધાણા, કાળી દ્રાક્ષ, સુગંધી વાળો, મોથ કે આમળાં જેવાં દ્રવ્યો નાખી ઉકાળી-ઠારીને આપવું હિતકર ગણાય છે. કમળામાં દૂધ-ઘી અપાતાં નથી.

તાપ-તડકામાં રહેવું, ફરવું કે કામ કરવું, ઉજાગરા કરવા, અતિ શ્રમ કરવો, કલર-કેમિકલ કે તેજાબ જેવાનાં કારખાનાંમાં કામ કરવું, ભઠ્ઠી પાસે રહી કામ કરવું, અતિ ચિંતા, શોક કરવો કે વધુ ક્રોધ કરવો તે આ દર્દમાં અહિતકર ગણાય છે.

શેકેલા ચણા-દાળિયા તથા શેરડીનો રસ આ દર્દમાં સરળ ઘરગથ્થુ ઉપચારો તરીકે રોજ લેવાય છે.

આ રોગમાં રીંગણાં, મરચું, ભીંડા, મેથી, રાઈ, હિંગ, લસણ જેવા અતિ ગરમ પદાર્થો તથા સરસિયું તેલ, ગોળ, અથાણાં, દહીં, તળેલાં ફરસાણ વગેરે ન ખાવાં એવું આયુર્વેદ કહે છે.

# ઊલટી થવાના કારણો અને ઉપચારો

કેટલાંક કારણોથી મુખને લીંપીને, શરીરના દરેક અંગને પીડા કરીને, અચાનક જ હોજરીમાંથી મુખ દ્વારા બહાર આવનાર દોષરૂપ દ્રવ અંશ. તેને વમન કે ઊલટી કહે છે.

**કારણો :**

વધુ પડતા પ્રવાહી, વધુ પડતા ચીકણા, વધુ ખારા કે તીખા પદાર્થોના સેવનથી; મનને પ્રતિકૂળ વસ્તુના સેવનથી, અતિ-ઉતાવળે કે અકાળે ભોજન કરવાથી, ચીતરી ચડે તેવા પદાર્થોના દર્શન કે ભક્ષણથી અને તેવા પદાર્થોની દુર્ગંધથી, પેટમાં ઝેરી પદાર્થ જવાથી કે ઝેરી જીવજંતુના ડંખથી; અજીર્ણથી, પેટમાં કૃમિદોષ હોવાથી; અતિ શ્રમ, ભય કે ઉદ્વેગ થવાથી, સગર્ભાવસ્થાને કારણે તથા કૉલેરા, હોજરીનું ચાંદું, અમ્લપિત્ત જેવા રોગોને કારણે પણ ઊલટી કે છર્દિ થાય છે.

**પ્રકારો :**

આયુર્વેદ અનુસાર ઉલ્ટી રોગના મુખ્યત્વે ૫ પ્રકારો



છે : (૧) વાતદોષજ, (૨) પિત્તદોષજ, (૩) કફદોષજ, (૪) ત્રિદોષજ તથા (૫) આગંતુક દોષજ. આયુર્વેદ વિજ્ઞાને માનસિક કારણો, કૃમિ, વિષ, સગર્ભાવસ્થા, અજીર્ણ, આહારદોષ (અતિભોજન, કસમય ભોજન, અતિશીઘ્ર ભોજન) વગેરેનો સમાવેશ 'આગંતુક' પ્રકારમાં કરેલ છે.

**રોગનું પૂર્વરૂપ (પૂર્વલક્ષણો) :**

ઊલટી થતાં પહેલાં મોળ ચડવી, ઓડકાર બરાબર ન થવા, મુખમાંથી પાતળું તથા ખારું પાણી જેવું બહાર આવવું, ભોજનમાં અરુચિ, મસ્તકપીડા કે બેચેની જેવાં લક્ષણો પ્રગટે છે.

**રોગના અન્ય ઉપદ્રવો :**

જો ઊલટીની સમયસર બરાબર ચિકિત્સા ન થાય તો તેમાંથી ખાંસી, શ્વાસ, તાવ, હેડકી, તૃષા, અંધારાં, બુદ્ધિવિભ્રમ, હૃદયરોગ તથા તમક શ્વાસ (દમ) જેવા ઉપદ્રવો થાય છે.

**અસાધ્યતાનાં લક્ષણો :**

ઊલટી અતિનિર્બળ વ્યક્તિને સતત થયા કરતી હોય, ઊલટીમાં લોહી, પરુ અને મોરપીંછામાં હોય છે તેવી ચંદ્રિકા (ચમક) જણાય, તેમજ ઊલટી સાથે ખાંસી તથા શ્વાસ પણ હોય તો તેવી ઊલટીને 'અસાધ્ય' કહી છે.

**ચિકિત્સા :**

**(૧) અજીર્ણ દોષજન્ય ઉલ્ટીમાં :**

ફુદીનાનો અર્ક, કર્પૂરાસવ, સંજીવની વટી, અમૃતધારા (જીવનરસાયન અર્ક), દ્રાક્ષાસવ, અગ્નિકુમાર રસ, ચિત્રકાદિ વટી, રસોનાદિ અર્ક, લશુનાદિ વટી, પીપલ્યાસવ, દશમૂલારિષ્ટ વગેરે લાભપ્રદ છે.

**(૨) પિત્તપ્રકોપજન્ય ઉલ્ટીમાં :**

છર્દિરિપુ વટી, કુમુદેશ્વર રસ, સૂત- શેખર રસ, પોખરાજ ભસ્મ, એલાદિ ચૂર્ણ કે એલાદિ વટી, પ્રવાલપિષ્ટિ, શુક્તિભસ્મ, શંખભસ્મ, પ્રવાલ પંચામૃત, લાજમંડ, ધાત્રીલોહ, સર્વતોભદ્ર રસ, હરડે ચૂર્ણ, અભયાદિ ક્વાથ, પથ્યાદિ ક્વાથ, અવિપત્તિકરચૂર્ણ, કામદુધારસ વગેરે હિતકર ઉપાયો છે.

**(૩) કફદોષજ ઉલ્ટીમાં :**

છર્દિરિપુ વટી, લવણભાસ્કર ચૂર્ણ + સ્વર્જીકા ક્ષાર; ચિત્રકાદિ વટી, સંજીવની વટી, લશુનાદિ વટી કે ગંધક વટી, મયૂરપિચ્છ ભસ્મ + પીપલી - મધમાં.

**(૪) કૃમિદોષજ ઉલ્ટીમાં :**

કૃમિકુઠાર રસ, કૃમિમુદ્ગર રસ, છર્દિરિપુ વટી કે કપૂરકાચલી ચૂર્ણ, ફુદીનાનો અર્ક, વિડંગારિષ્ટ.

**(૫) વિષદોષજ ઉલ્ટીમાં :**

વધુમાં વધુ ઘી પિવરાવવું કે પારદાદિ ચૂર્ણ દેવું.

**સૌજન્ય**
**સ્વાસ્થ્ય અને આરોગ્ય**
**યુટ્યુબ, ફેસબુક, ટેલિગ્રામ ચેનલ**

# સૌરાષ્ટ્ર-ગુજરાતના માર્કેટીંગ યાર્ડની આવક તથા ભાવ (ભાવ ૨૦ કિલોમાં / આવક ગુણીમાં)

### મગફળી જાડી

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૪૨૮૬ | ૧૧૦૫ | ૧૩૧૧ |
| અમરેલી | ૧૫૭૪ | ૯૧૦ | ૧૩૨૦ |
| સાવરકુંડલા | ૯૬૬ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| જેતપુર | ૫૧૯ | ૯૨૫ | ૧૩૧૦ |
| પોરબંદર | ૨૯ | ૯૭૦ | ૧૧૭૦ |
| વિસાવદર | ૪૧૭ | ૮૬૪ | ૧૩૨૬ |
| મહુવા | ૪૧૬ | ૧૧૬૯ | ૧૩૧૨ |
| ગોંડલ | ૧૪૨૧૭ | ૮૧૫ | ૧૩૪૬ |
| કાલાવડ | ૨૧૨૫ | ૮૦૩ | ૧૩૨૫ |
| જુનાગઢ | ૬૮૬ | ૧૦૦૦ | ૧૨૬૪ |
| જામજોધપુર | ૧૦૦૦ | ૧૦૭૦ | ૧૨૭૦ |
| ભાવનગર | ૫૧ | ૧૨૦૦ | ૧૨૧૫ |
| માણાવદર | ૦ | ૧૩૭૫ | ૧૩૭૬ |
| તળાજા | ૩૪૨ | ૧૧૧૧ | ૧૩૨૦ |
| હળવદ | ૨૧૭ | ૧૧૦૦ | ૧૧૭૪ |
| જામનગર | ૦ | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ભેસાણ | ૧૨૨ | ૯૦૦ | ૧૨૦૧ |
| દાહોદ | ૦ | ૧૦૦૦ | ૧૧૦૦ |

### મગફળી ઝીણી

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૪૨૯ | ૧૦૬૬ | ૧૨૭૯ |
| અમરેલી | ૧૧૦૩ | ૧૧૭૨ | ૧૩૦૬ |
| કોડીનાર | ૮૦૦ | ૧૦૨૫ | ૧૩૮૬ |
| સાવરકુંડલા | ૬૪૪ | ૧૨૩૦ | ૧૩૪૫ |
| જસદણ | ૪૦૦૦ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| મહુવા | ૨૭૮ | ૧૧૬૦ | ૧૩૨૯ |
| ગોંડલ | ૩૭૩૪ | ૯૨૦ | ૧૩૬૬ |
| કાલાવડ | ૧૨૦૦ | ૮૦૦ | ૧૨૯૯ |
| જામજોધપુર | ૬૭૫ | ૯૮૦ | ૧૧૧૦ |
| ઉપલેટા | ૧૮૬ | ૧૦૦૦ | ૧૨૧૬ |
| ધોરાજી | ૧૪૬ | ૧૦૮૧ | ૧૨૩૬ |
| જેતપુર | ૩૪૬ | ૯૧૦ | ૧૨૫૦ |
| તળાજા | ૨૮૦ | ૧૧૮૦ | ૧૩૫૦ |
| ભાવનગર | ૨૮૮ | ૧૧૧૧ | ૧૨૯૬ |
| રાજુલા | ૧૨૩ | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મોરબી | ૫૭ | ૧૧૯૦ | ૧૨૭૨ |
| જામનગર | ૫૮૯ | ૧૧૦૦ | ૧૨૧૨ |
| બાબરા | ૨૬ | ૧૦૮૦ | ૧૨૮૦ |
| બોટાદ | ૨૯ | ૧૨૧૦ | ૧૨૩૭ |
| ખંભાળિયા | ૩૦૩ | ૮૫૦ | ૧૧૮૫ |
| લાલપુર | ૩૮ | ૧૦૦૦ | ૧૧૮૬ |
| હિંમતનગર | ૨૦ | ૧૦૦૦ | ૧૧૬૮ |
| તલોદ | ૫ | ૧૧૫૦ | ૧૨૦૬ |

### સીંગફાડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૦૦ | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ગોંડલ | ૨૯૭ | ૧૦૦૦ | ૧૬૯૧ |
| જેતપુર | ૦ | ૧૪૫૧ | ૧૬૫૬ |
| વિસાવદર | ૬ | ૧૪૪૫ | ૧૬૨૧ |
| જુનાગઢ | ૨૦ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ધોરાજી | ૩ | ૧૫૫૧ | ૧૬૧૬ |
| અમરેલી | ૯ | ૧૨૯૮ | ૧૬૮૦ |
| જસદણ | ૧ | ૧૫૦૦ | ૧૫૦૧ |
| પોરબંદર | ૨ | ૧૪૯૫ | ૧૫૫૫ |
| ભેસાણ | ૭ | ૧૩૦૦ | ૧૫૫૦ |

### સીંગદાણા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૦ | ૧૭૦૦ | ૧૭૨૫ |
| ઉપલેટા | ૧ | ૧૪૫૦ | ૧૪૬૦ |
| જસદણ | ૧૦ | ૧૨૫૦ | ૧૭૪૦ |
| જુનાગઢ | ૬ | ૧૫૦૦ | ૧૭૧૮ |
| કાલાવડ | ૪૦ | ૧૩૦૦ | ૧૬૭૦ |
| અમરેલી | ૧૫ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| સાવરકુંડલા | ૬૫ | ૧૭૦૦ | ૧૮૫૧ |
| ખંભાળિયા | ૯ | ૧૪૦૦ | ૧૫૯૫ |

### કપાસ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૬૬૫૦ | ૨૦૨૫ | ૨૬૮૪ |
| અમરેલી | ૬૨૬૫ | ૧૪૫૦ | ૨૭૨૭ |
| સાવરકુંડલા | ૫૪૦ | ૧૭૮૦ | ૨૫૦૧ |
| જસદણ | ૫૦૦૦ | ૨૦૦૦ | ૨૭૧૧ |
| બોટાદ | ૬૮૦૫ | ૧૬૫૦ | ૨૬૮૦ |
| મહુવા | ૩૪૩ | ૧૫૯૦ | ૨૪૫૦ |
| ગોંડલ | ૫૯૦૦ | ૧૨૧૧ | ૨૬૮૧ |
| જામજોધપુર | ૯૯૦ | ૨૦૦૦ | ૨૫૭૫ |
| ભાવનગર | ૨૯૮ | ૧૯૦૦ | ૨૪૨૩ |
| જામનગર | ૭૩૫ | ૧૮૦૦ | ૨૨૬૦ |
| બાબરા | ૪૦૦૦ | ૧૬૪૭ | ૨૬૮૧ |
| જેતપુર | ૨૯૦૦ | ૧૮૦૦ | ૨૮૦૧ |
| વાંકાનેર | ૫૦ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| મોરબી | ૧૨૫ | ૧૭૦૦ | ૨૪૦૦ |
| રાજુલા | ૯૦૦ | ૧૫૦૦ | ૨૪૦૧ |
| હળવદ | ૧૨૦ | ૧૫૦૦ | ૨૧૯૬ |
| વિસાવદર | ૬૬ | ૧૭૨૪ | ૧૮૯૬ |
| તળાજા | ૯૯ | ૧૦૦૫ | ૨૪૦૮ |
| બગસરા | ૪૫ | ૧૬૫૦ | ૨૭૦૦ |
| ઉપલેટા | ૪૫૦ | ૧૫૦૦ | ૨૬૨૫ |
| માણાવદર | ૦ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| વિછીયા | ૭૦૦ | ૨૧૦૦ | ૨૫૪૦ |
| ભેંસાણ | ૧૮૩ | ૧૬૦૦ | ૨૬૦૪ |
| લાલપુર | ૧૪૦ | ૧૮૮૦ | ૨૬૫૧ |
| પાલીતાણા | ૨૦૦ | ૧૬૦૦ | ૨૨૬૦ |
| હારીજ | ૬૦ | ૧૫૫૦ | ૧૭૫૦ |
| વિસનગર | ૧૫૩૮ | ૧૨૦૦ | ૨૯૫૩ |
| વિજાપુર | ૧૨૯ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| માણસા | ૩૫ | ૨૩૫૦ | ૨૭૯૪ |
| પાટણ | ૨૫૮ | ૧૯૦૦ | ૨૬૦૦ |
| ચાણસ્મા | ૬ | ૨૦૦૧ | ૨૩૦૦ |

### એરંડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૦૬૩ | ૧૩૧૦ | ૧૩૯૮ |
| ગોંડલ | ૮૪૯ | ૧૧૦૦ | ૧૪૨૬ |
| જુનાગઢ | ૫૬ | ૧૦૦૦ | ૧૩૮૫ |
| જામનગર | ૯૨૦ | ૮૦૦ | ૧૪૦૦ |
| કાલાવડ | ૧૦૦ | ૧૩૦૦ | ૧૪૦૧ |
| સાવરકુંડલા | ૨૫ | ૧૨૮૫ | ૧૩૫૦ |
| જામજોધપુર | ૬૦૦ | ૧૩૩૦ | ૧૪૦૦ |
| જેતપુર | ૧ | ૧૧૫૧ | ૧૩૬૧ |
| ઉપલેટા | ૩૧૩ | ૧૩૦૦ | ૧૪૦૧ |
| વિસાવદર | ૧ | ૧૧૧૫ | ૧૨૯૧ |
| ધોરાજી | ૪૮ | ૧૨૫૬ | ૧૩૬૬ |
| મહુવા | ૩૯ | ૧૨૩૦ | ૧૩૪૧ |
| પોરબંદર | ૧ | ૧૩૦૫ | ૧૩૦૬ |
| અમરેલી | ૯૧ | ૧૩૬૯ | ૧૩૮૫ |
| કોડીનાર | ૫૦ | ૧૨૫૦ | ૧૩૮૫ |
| તળાજા | ૩૩ | ૧૦૯૧ | ૧૩૮૦ |
| હળવદ | ૨૫૧૫ | ૧૪૧૦ | ૧૪૩૨ |
| ભાવનગર | ૫૦ | ૧૩૪૦ | ૧૪૦૬ |
| જસદણ | ૧૩ | ૧૧૦૦ | ૧૩૪૫ |
| વાંકાનેર | ૩૮ | ૧૩૮૨ | ૧૪૨૩ |
| મોરબી | ૧૬૯ | ૧૧૩૦ | ૧૪૦૦ |
| ભચાઉ | ૯૦૫ | ૧૩૯૮ | ૧૪૧૫ |
| ભુજ | ૦ | ૧૩૭૫ | ૧૪૩૦ |
| રાજુલા | ૧ | ૧૩૦૦ | ૧૩૦૧ |
| દશાડાપાટડી | ૦ | ૧૪૧૭ | ૧૪૨૨ |
| માંડલ | ૧૯૦ | ૧૩૯૦ | ૧૪૧૦ |
| ડિસા | ૭૦૫ | ૧૪૩૦ | ૧૪૫૫ |
| ભાભર | ૧૦૩૬૧ | ૧૪૩૮ | ૧૪૪૪ |
| પાટણ | ૮૭૩૦ | ૧૪૧૦ | ૧૪૫૮ |
| ધાનેરા | ૩૧૩ | ૧૪૩૦ | ૧૪૫૧ |
| મહેસાણા | ૧૭૨૩ | ૧૪૩૫ | ૧૪૬૦ |
| વિજાપુર | ૧૩૫૦ | ૧૪૦૦ | ૧૪૫૬ |
| હારીજ | ૪૦૦૦ | ૧૪૧૧ | ૧૪૫૨ |
| માણસા | ૧૨૨૫ | ૧૪૧૦ | ૧૪૫૯ |
| ગોજારીયા | ૭૦ | ૧૪૧૦ | ૧૪૫૧ |
| કડી | ૭૪૫૦ | ૧૪૩૨ | ૧૪૪૬ |
| વિસનગર | ૩૭૩૭ | ૧૪૧૫ | ૧૪૬૭ |
| તલોદ | ૯૦૪ | ૧૪૨૦ | ૧૪૪૪ |
| થરા | ૨૧૩૦ | ૧૪૩૮ | ૧૪૪૭ |
| દહેગામ | ૩૯૮ | ૧૪૩૦ | ૧૪૫૨ |
| ભીલડી | ૫૧૭ | ૧૪૩૦ | ૧૪૪૫ |
| દીયોદર | ૬૦૦ | ૧૪૩૫ | ૧૪૪૮ |
| કલોલ | ૬૪૦ | ૧૪૩૨ | ૧૪૪૮ |
| સિધ્ધપુર | ૨૪૧૨ | ૧૪૧૮ | ૧૪૬૪ |
| હિંમતનગર | ૭૪૦ | ૧૩૭૦ | ૧૪૩૫ |
| કુકરવાડા | ૭૮૫ | ૧૪૦૦ | ૧૪૪૭ |
| મોડાસા | ૧૭૫ | ૧૪૦૦ | ૧૪૩૮ |
| ધનસૂરા | ૧૦૦ | ૧૪૨૫ | ૧૪૪૩ |
| ઈડર | ૨૬૩ | ૧૪૦૦ | ૧૪૪૧ |
| પાથાવાડ | ૧૦૭૦ | ૧૪૨૦ | ૧૪૪૦ |
| બેચરાજી | ૦ | ૧૪૩૭ | ૧૪૪૯ |
| ખેડબ્રહ્મા | ૧૩૫ | ૧૪૨૯ | ૧૪૩૮ |
| કપડવંજ | ૦ | ૧૩૮૦ | ૧૪૦૦ |
| વીરમગામ | ૧૮૨ | ૧૪૧૯ | ૧૪૩૩ |
| થરાદ | ૦ | ૧૪૨૦ | ૧૪૪૮ |
| રાસળ | ૦ | ૧૪૨૦ | ૧૪૩૦ |
| બાવળા | ૮૦ | ૧૪૩૨ | ૧૪૫૪ |
| સાણંદ | ૦ | ૧૪૦૮ | ૧૪૧૬ |
| રાધનપુર | ૪૦૦૦ | ૧૪૧૦ | ૧૪૪૫ |
| આંબલિયાસણ | ૩૦૨ | ૧૪૧૨ | ૧૪૩૪ |
| સતલાસણા | ૦ | ૧૪૧૦ | ૧૪૨૨ |
| ઈકબાલગઢ | ૦ | ૧૪૩૧ | ૧૪૫૨ |
| શિહોરી | ૨૨૦ | ૧૪૨૮ | ૧૪૫૦ |
| ઉનાવા | ૮૧ | ૧૪૨૭ | ૧૪૩૬ |
| લાખાણી | ૩૧૨ | ૧૪૪૧ | ૧૪૫૬ |
| પ્રાંતિજ | ૦ | ૧૩૮૦ | ૧૪૨૦ |
| સમી | ૪૫૦ | ૧૪૨૦ | ૧૪૪૨ |
| વારાહી | ૦ | ૧૪૧૫ | ૧૪૩૫ |
| જાદર | ૧૦૦ | ૧૪૩૫ | ૧૪૫૭ |
| જોટાણા | ૧૫૦૦ | ૧૪૧૦ | ૧૪૩૧ |
| ચાણસ્મા | ૧૨૦ | ૧૪૦૩ | ૧૪૩૪ |
| દાહોદ | ૦ | ૧૩૪૦ | ૧૩૬૦ |

## ગુજરાતમાં જણસીનાં કામકાજ (ગુણીમાં)

| જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ |
|---|---|---|---|---|---|---|---|---|
| મગફળી જાડી | ૨૬૧૦૮ | ૨૬૯૬૮ | મકાઇ | ૧૮૮૪ | ૧૨૨૪ | મેથી | ૩૮૯૯ | ૨૯૦૩ |
| મગફળી ઝીણી | ૧૫૧૯૯ | ૧૬૨૯૭ | ડાંગર | ૧૬૧૩ | ૧૬૯૫ | સુવા | ૬૭૭ | ૪૬૭ |
| સીંગફાડા | ૬૪૦ | ૫૪૫ | જવ | ૧૬ | ૨૮ | રાજગરો | ૩૫૩ | ૧૦૩ |
| સીંગદાણા | ૪૬ | ૧૫૬ | રજકા બી | ૦ | ૧ | અજમો | ૩૦૯૧ | ૨૧૬૦ |
| કપાસ | ૫૬૯૯૭ | ૪૫૫૨૯ | ચણા | ૨૨૪૭૪ | ૨૦૮૪૮ | હળદર | ૦ | ૦ |
| એરંડા | ૮૯૮૫૮ | ૬૫૯૪૭ | તુવેર | ૨૭૨૩ | ૩૨૭૫ | મરચાં | ૧૭૪ | ૮૨૨ |
| તલ સફેદ | ૩૦૨૩ | ૩૫૭૨ | અડદ | ૨૪૪ | ૩૧૧ | ડુંગળી લાલ | ૨૯૬૧૮ | ૩૦૩૯૩ |
| તલ કાળા | ૬૪૪ | ૫૪૧ | મગ | ૨૪૩૬ | ૨૨૮૫ | ડુંગળી સફેદ | ૧૮૮૩૮૪ | ૧૬૨૨૧૬ |
| રાયડો | ૧૨૨૪૦ | ૧૧૬૨૫ | મઠ | ૦ | ૦ | બટાટા | ૨૬૭૦ | ૨૬૮૦ |
| રાય | ૪૧૫ | ૪૩૦ | ચોળી | ૪૭ | ૪૭ | ગવાર | ૩૯૩ | ૪૪૭ |
| સોયાબીન | ૮૭૧ | ૬૭૪ | વાલ | ૧૧૩ | ૧૩૩ | તમાકુ | ૧૦૧૦૬ | ૯૫૭૧ |
| ઘઉ લોકવન | ૧૭૮૬૬ | ૧૬૭૨૦ | જીરુ | ૮૨૨૧ | ૪૮૭૮ | કલકતી તમાકુ | ૧૭૪૯૯ | ૧૫૪૩૭ |
| ઘઉ ટુકડા | ૫૩૯૫ | ૫૮૭૭ | ધાણા | ૪૩૫૪ | ૩૫૫૧ | દેશી તમાકુ | ૦ | ૦ |
| બાજરી | ૩૩૩૦ | ૩૧૮૩ | ઇસબગુલ | ૬૫૬ | ૨૧૭ | બન્ટી | ૨૧ | ૧૨ |
| જુવાર | ૧૭૭૬ | ૧૭૧૯ | વરીયાળી | ૫૫૪૬ | ૫૫૭૧ | લસણ | ૧૧૬૭ | ૧૨૮૯ |
| ગુજરાતમાં જણસીના કુલ કામકાજ | | | | | | | ૫૪૨૭૮૬ | ૪૭૨૩૪૮ |

### તલ સફેદ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૭૮૬ | ૧૮૫૦ | ૨૧૫૫ |
| ગોંડલ | ૩૫૦ | ૧૪૨૧ | ૨૧૨૧ |
| અમરેલી | ૫૭૧ | ૧૦૦૦ | ૨૩૨૯ |
| બોટાદ | ૧૧ | ૧૩૦૦ | ૧૭૯૫ |
| સાવરકુંડલા | ૧૦૦૫ | ૧૭૮૦ | ૨૦૪૬ |
| ભાવનગર | ૧૪૦ | ૧૬૬૮ | ૨૨૪૦ |
| જામજોધપુર | ૩૫ | ૧૫૫૦ | ૧૮૯૧ |
| જેતપુર | ૩૦ | ૧૭૫૧ | ૨૦૫૬ |
| જસદણ | ૧૪ | ૧૧૦૦ | ૨૦૬૫ |
| વિસાવદર | ૬૯ | ૧૯૦૦ | ૨૧૫૬ |
| મહુવા | ૧૮૮ | ૧૭૪૯ | ૨૦૭૬ |
| જુનાગઢ | ૧૩૪ | ૧૮૦૦ | ૨૧૯૨ |
| મોરબી | ૭ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| રાજુલા | ૧૦૬ | ૧૮૦૧ | ૧૯૯૫ |
| માણાવદર | ૦ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કોડીનાર | ૩૦ | ૧૬૫૦ | ૧૯૯૫ |
| ધોરાજી | ૩ | ૧૭૧૧ | ૨૦૧૧ |
| હળવદ | ૪૦ | ૧૭૦૦ | ૧૮૭૦ |
| ભેંસાણ | ૩૬ | ૧૫૦૦ | ૨૦૫૫ |
| તળાજા | ૧૬ | ૧૭૦૦ | ૨૦૬૮ |
| ઉંઝા | ૦ | ૧૭૬૦ | ૧૯૦૦ |
| વિસનગર | ૧ | ૧૪૦૦ | ૧૪૦૧ |
| કપડવંજ | ૦ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| દાહોદ | ૦ | ૧૪૦૦ | ૧૬૪૦ |

### તલ કાળા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૪૩ | ૧૯૫૦ | ૨૩૪૦ |
| અમરેલી | ૮૭ | ૧૪૦૦ | ૨૩૮૬ |
| સાવરકુંડલા | ૦ | ૧૮૦૦ | ૨૩૭૪ |
| બોટાદ | ૫૭ | ૧૪૧૦ | ૨૧૩૦ |
| રાજુલા | ૧૪ | ૧૭૨૫ | ૨૧૫૧ |
| જુનાગઢ | ૩૭ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| જસદણ | ૨૧ | ૧૫૦૦ | ૨૧૫૫ |
| ભાવનગર | ૧ | ૨૦૦૧ | ૨૦૦૨ |
| મહુવા | ૮૦ | ૧૬૩૪ | ૧૮૯૨ |
| વિસાવદર | ૦ | ૧૮૫૦ | ૨૧૯૬ |

### રાયડો

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૫૮૮ | ૧૧૭૫ | ૧૨૮૦ |
| ગોંડલ | ૪૪ | ૧૧૭૧ | ૧૨૬૧ |
| જામનગર | ૩૬૧ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| જામજોધપુર | ૩૦ | ૧૦૫૦ | ૧૨૪૬ |
| હળવદ | ૭૬ | ૧૧૬૦ | ૧૨૬૮ |
| લાલપુર | ૮ | ૧૧૨૫ | ૧૧૬૩ |
| ભુજ | ૦ | ૧૩૦૦ | ૧૩૨૫ |
| પાટણ | ૧૮૦૧ | ૧૨૪૦ | ૧૩૭૧ |
| ઉંઝા | ૦ | ૧૨૬૬ | ૧૪૫૫ |
| સિધ્ધપુર | ૫૬૩ | ૧૨૯૭ | ૧૩૭૪ |
| ડિસા | ૧૪૧૦ | ૧૩૦૦ | ૧૩૭૦ |
| મહેસાણા | ૬૭૬ | ૧૧૮૦ | ૧૩૬૯ |
| વિસનગર | ૭૧૯ | ૧૧૨૨ | ૧૩૯૦ |
| ધાનેરા | ૧૧૯૭ | ૧૨૫૦ | ૧૩૮૬ |
| હારીજ | ૧૮૦ | ૧૨૯૦ | ૧૩૯૧ |
| ભીલડી | ૧૨૧ | ૧૨૦૦ | ૧૩૬૧ |
| દીયોદર | ૨૦૦ | ૧૩૦૦ | ૧૩૭૦ |
| કલોલ | ૨૦ | ૧૨૦૦ | ૧૩૩૪ |
| કડી | ૧૭૨ | ૧૨૦૦ | ૧૩૧૮ |
| ભાભર | ૧૫૬૪ | ૧૩૦૦ | ૧૩૮૫ |
| કુકરવાડા | ૮ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ગોજારીયા | ૧૫ | ૧૩૩૯ | ૧૩૬૪ |
| થરા | ૧૫૬ | ૧૨૮૫ | ૧૩૫૭ |
| મોડાસા | ૨ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| વિજાપુર | ૩૬ | ૧૧૨૧ | ૧૩૪૬ |
| રાધનપુર | ૪૦૦ | ૧૨૫૦ | ૧૩૪૧ |
| પાથાવાડ | ૧૪૦ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| બેચરાજી | ૦ | ૧૨૯૦ | ૧૩૨૬ |
| કપડવંજ | ૦ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| થરાદ | ૦ | ૧૩૪૦ | ૧૪૦૦ |
| રાસળ | ૦ | ૧૩૩૦ | ૧૪૦૦ |
| બાવળા | ૧ | ૧૩૪૦ | ૧૩૪૧ |
| વીરમગામ | ૩ | ૧૨૨૮ | ૧૨૮૭ |
| આંબલિયાસણ | ૮ | ૧૩૦૮ | ૧૩૩૦ |
| લાખાણી | ૧૦૯૩ | ૧૩૩૦ | ૧૩૬૬ |
| ચાણસ્મા | ૨૫ | ૧૨૫૧ | ૧૩૬૫ |
| સમી | ૮ | ૧૨૦૦ | ૧૨૭૫ |
| ઈકબાલગઢ | ૦ | ૧૨૦૦ | ૧૩૫૧ |

### રાય

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૩૦૦ | ૧૦૧૦ | ૧૨૭૦ |
| બોટાદ | ૧૧ | ૧૧૩૦ | ૧૨૦૦ |
| ગોંડલ | ૭ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| જસદણ | ૪૦ | ૯૯૦ | ૧૨૨૦ |
| જેતપુર | ૦ | ૧૦૦૧ | ૧૨૧૧ |
| કોડીનાર | ૧૦ | ૧૦૭૫ | ૧૧૬૬ |
| અમરેલી | ૪ | ૧૦૮૬ | ૧૧૩૦ |
| ભાવનગર | ૨ | ૧૦૭૧ | ૧૧૫૦ |
| મહુવા | ૨ | ૧૧૩૫ | ૧૧૩૬ |
| મોરબી | ૪ | ૧૧૫૦ | ૧૨૩૦ |
| વાંકાનેર | ૫૦ | ૧૧૫૦ | ૧૨૫૧ |
| વિસાવદર | ૦ | ૯૦૦ | ૧૦૫૦ |

### સોયાબીન

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૫ | ૧૨૫૦ | ૧૩૧૦ |
| વિસાવદર | ૬ | ૧૦૦૫ | ૧૨૮૧ |
| ગોંડલ | ૧૫૩ | ૧૨૫૧ | ૧૩૨૬ |
| જસદણ | ૧ | ૧૨૦૦ | ૧૨૦૧ |
| ભાવનગર | ૫ | ૧૨૭૧ | ૧૨૭૨ |
| જામજોધપુર | ૪૦ | ૧૨૫૦ | ૧૩૨૬ |
| સાવરકુંડલા | ૨ | ૧૦૩૯ | ૧૦૪૦ |
| ઉપલેટા | ૧ | ૧૧૪૦ | ૧૧૫૩૦ |
| જેતપુર | ૧૪ | ૧૨૧૧ | ૧૩૩૧ |
| કોડીનાર | ૧૫ | ૧૨૭૦ | ૧૩૫૮ |
| રાજુલા | ૧ | ૧૨૦૧ | ૧૨૦૨ |
| ધોરાજી | ૫૯ | ૧૨૩૧ | ૧૩૨૧ |
| જુનાગઢ | ૨૪૦ | ૧૨૦૦ | ૧૪૦૫ |
| અમરેલી | ૮ | ૧૧૦૦ | ૧૩૩૮ |
| ભેંસાણ | ૪ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| દાહોદ | ૦ | ૧૩૬૦ | ૧૩૮૦ |

### ઘઉ લોકવન

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૩૫૦ | ૪૪૦ | ૪૮૫ |
| ગોંડલ | ૧૫૮ | ૪૭૦ | ૪૯૦ |
| અમરેલી | ૧૩૧ | ૪૨૫ | ૪૯૫ |
| જામનગર | ૧૦૯૫ | ૩૦૦ | ૪૮૧ |
| સાવરકુંડલા | ૨૦૦ | ૪૨૮ | ૫૪૦ |
| જેતપુર | ૧૩૧ | ૪૩૧ | ૪૮૧ |
| જસદણ | ૩૦ | ૪૨૫ | ૪૮૦ |
| બોટાદ | ૩૩૩ | ૪૫૦ | ૫૯૨ |
| વિસાવદર | ૧૬૮ | ૪૨૨ | ૪૭૦ |
| મહુવા | ૩૧૨ | ૪૬૪ | ૬૮૦ |
| વાંકાનેર | ૧૧૦ | ૪૬૫ | ૪૯૦ |
| જુનાગઢ | ૫૯૧ | ૪૫૦ | ૪૮૨ |
| જામજોધપુર | ૨૦૦ | ૪૬૦ | ૪૮૦ |
| ભાવનગર | ૧૯૭ | ૪૬૮ | ૫૫૧ |
| મોરબી | ૩૭૮ | ૪૭૬ | ૫૩૪ |
| જામખંભાળિયા | ૧૫ | ૪૦૦ | ૪૫૩ |
| પાલીતાણા | ૧૩૧ | ૪૩૪ | ૫૧૧ |
| હળવદ | ૧૨૮ | ૪૬૦ | ૫૦૪ |
| ઉપલેટા | ૪૦ | ૪૩૦ | ૪૭૩ |
| ધોરાજી | ૩૦ | ૪૨૧ | ૪૭૩ |
| બાબરા | ૧૦ | ૪૧૦ | ૫૦૦ |
| ભેંસાણ | ૧૫ | ૩૮૦ | ૪૫૦ |
| લાલપુર | ૧૦ | ૩૭૩ | ૩૮૧ |
| માંડલ | ૨૦ | ૩૮૫ | ૪૫૦ |
| ઈડર | ૧૦૮૦ | ૪૪૦ | ૫૮૬ |
| પાટણ | ૬૭૫ | ૪૫૦ | ૬૪૦ |
| હારીજ | ૧૮૦ | ૪૪૦ | ૫૩૫ |
| ડિસા | ૧૪૯ | ૪૫૫ | ૫૫૧ |
| વિસનગર | ૪૮૬ | ૪૪૦ | ૫૬૦ |
| રાધનપુર | ૧૦૦ | ૪૫૭ | ૫૫૦ |
| માણસા | ૪૬૫ | ૪૫૦ | ૫૨૫ |
| થરા | ૨૨ | ૪૫૦ | ૫૭૦ |
| મોડાસા | ૮૦૦ | ૪૫૦ | ૪૯૦ |
| કડી | ૨૦૭૫ | ૪૦ | ૬૦૦ |
| મહેસાણા | ૭૫ | ૪૪૦ | ૫૩૨ |
| હિંમતનગર | ૨૧૯૦ | ૪૬૦ | ૬૦૯ |
| વિજાપુર | ૨૫૪ | ૪૦૦ | ૫૩૬ |
| કુકરવાડા | ૭૦ | ૪૪૦ | ૫૬૫ |
| ધનસૂરા | ૮૦ | ૪૪૦ | ૫૦૦ |
| સિધ્ધપુર | ૫૨૪ | ૪૫૦ | ૬૦૧ |
| તલોદ | ૧૪૧૯ | ૪૫૦ | ૫૫૦ |
| ગોજારીયા | ૩૮ | ૪૪૦ | ૫૫૩ |
| ભીલડી | ૫ | ૪૩૦ | ૪૩૧ |
| દીયોદર | ૩૦ | ૫૨૯ | ૫૬૫ |
| કલોલ | ૨૫૦ | ૪૬૫ | ૫૩૧ |
| પાથાવાડ | ૫ | ૪૦૦ | ૪૦૧ |
| બેચરાજી | ૦ | ૪૪૫ | ૫૫૫ |
| ખેડબ્રહ્મા | ૧૪૦ | ૪૬૦ | ૪૭૬ |
| સાણંદ | ૦ | ૪૭૦ | ૫૨૬ |
| તારાપુર | ૦ | ૪૬૦ | ૫૯૦ |
| કપડવંજ | ૦ | ૪૦૦ | ૪૮૦ |
| બાવળા | ૫૬૦ | ૪૭૯ | ૪૮૩ |
| વીરમગામ | ૫૨ | ૪૪૨ | ૪૭૪ |
| આંબલિયાસણ | ૧૪ | ૪૨૪ | ૬૦૩ |
| સતલાસણા | ૦ | ૪૪૦ | ૪૮૨ |
| ઈકબાલગઢ | ૦ | ૪૫૦ | ૫૮૬ |
| શિહોરી | ૬ | ૪૮૦ | ૫૮૫ |
| પ્રાંતિજ | ૦ | ૪૫૦ | ૫૦૦ |
| સલાલ | ૦ | ૪૪૦ | ૪૯૦ |
| જાદર | ૫૦ | ૪૪૦ | ૫૦૫ |
| જોટાણા | ૧૦ | ૪૫૦ | ૫૦૦ |
| વારાહી | ૦ | ૩૬૦ | ૪૦૦ |
